# વન-ડે રેન્કિંગમાં રોહિત બીજા સ્થાને પહોંચ્યો, બાબર ટોચ પર

**ટીમોની વન-ડે રેન્કીંગમાં ભારતીય ટીમ નંબર વન**



દુબઈ, તા. 14 (પીટીઆઈ): ભારતીય કેપ્ટન રોહિત શર્મા બેટ્સમેનોની તાજેતરની આઈસીસી વન-ડે ઈન્ટરનેશનલ રેન્કિંગમાં બીજા સ્થાને પહોંચી ગયો છે, હાલમાં જ શ્રીલંકા સામે સમાપ્ત થયેલી વન-ડે શ્રેણીમાં શાનદાર પ્રદર્શનના કારણે તેની રેન્કિંગ સુધરી હતી.

પાકિસ્તાનનો બાબર આઝમ હાલમાં 824 રેટિંગ પોઈન્ટ સાથે યાદીમાં ટોચ પર છે જ્યારે રોહિતના 765 પોઈન્ટ છે.

ટોચના 20માં સામેલ અન્ય ભારતીયોમાં શ્રેયસ અય્યર 16મા સ્થાને છે જ્યારે કેએલ રાહુલ એક સ્થાન સરકીને 21મા સ્થાને છે.

ડાબોડી સ્પિનર કુલદીપ યાદવ બોલરોની યાદીમાં ચોથા સ્થાનેથી ભારતીયોમાં સર્વશ્રેષ્ઠ રેન્કિંગમાં પહોંચી ગયો છે. ટોચના ક્રમ પર દક્ષિણ આફ્રિકાનો સ્પિનર કેશવ મહારાજ છે. ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહ આઠમા સ્થાને યથાવત છે જ્યારે મોહમ્મદ સિરાજ ન્યુઝીલેન્ડના ટ્રેન્ટ બોલ્ટ સાથે સંયુક્ત નવમા સ્થાને છે. દિગ્ગજ ફાસ્ટ બોલર મોહમ્મદ શમી 12મા સ્થાને છે.

ઓલરાઉન્ડર યાદીમાં રવિન્દ્ર જાડેજા 16મા ક્રમ પર છે અને તે ભારતીયોમાં ટોચના સ્થાને છે જ્યારે હાર્દિક પંડ્યા 4 ક્રમના નુકસાન સાથે 26મા ક્રમ પર છે.

ટીમોની વન-ડે રેન્કીંગમાં ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયાને પાછળ મૂકી 118 રેટિંગ પોઈન્ટ સાથે ટોચ પર છે.

**વન-ડે રેન્કિંગમાં ટોચના 5 બેટ્સમેન**

| ખેલાડી | પોઈન્ટ | દેશ |
|---|---|---|
| બાબર આઝમ | 824 | પાકિસ્તાન |
| રોહિત શર્મા | 765 | ભારત |
| શુભમન ગિલ | 763 | ભારત |
| વિરાટ કોહલી | 746 | ભારત |
| હેરી ટેક્ટર | 746 | આયરલેન્ડ |

**વન-ડે રેન્કિંગમાં ટોચના 5 બોલર્સ**

| ખેલાડી | પોઈન્ટ | દેશ |
|---|---|---|
| કેશવ મહારાજ | 716 | દ. આફ્રિકા |
| જોશ હેઝલવુડ | 688 | ઓસ્ટ્રેલિયા |
| એડમ ઝામ્પા | 686 | ઓસ્ટ્રેલિયા |
| કુલદીપ યાદવ | 665 | ભારત |
| બર્નાર્ડ સ્કોલ્ટ્ઝ | 657 | નામીબિયા |

**વન-ડેમાં ટોચની 5 ટીમ**

| દેશ | મેચ | પોઈન્ટ | રેટીંગ |
|---|---|---|---|
| ભારત | 45 | 5298 | 118 |
| ઓસ્ટ્રેલિયા | 34 | 3936 | 116 |
| દ. આફ્રિકા | 30 | 3357 | 112 |
| પાકિસ્તાન | 26 | 2762 | 106 |
| ન્યૂઝીલેન્ડ | 33 | 3349 | 101 |

# મોર્ને મોર્કેલને ભારતીય ક્રિકેટ ટીમનો નવો કોચ બનાવવામાં આવ્યો

**ગંભીરની ભલામણ પર મોર્કેલની સીધી નિમણૂક કરવામાં આવી**

**મોર્કેલે દક્ષિણ આફ્રિકા માટે કુલ 544 વિકેટ લીધી છે**



નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ): દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ ઝડપી બોલર મોર્ને મોર્કેલને ભારતીય ક્રિકેટ ટીમના નવા બોલિંગ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) ના સચિવ જય શાહે બુધવારે પીટીઆઈને આ વાતની પુષ્ટિ કરી હતી.

આ સાથે નવા હેડ કોચ ગૌતમ ગંભીરના પસંદગીના સપોર્ટ સ્ટાફની નિમણૂકની પ્રક્રિયા પણ પૂરી થઈ ગઈ છે.

એવું માનવામાં આવે છે કે પારસ મ્હામ્બ્રેની જગ્યાએ 39 વર્ષીય મોર્કેલ બાંગ્લાદેશ સામેની શ્રેણીથી ટીમ સાથે જોડાશે. બાંગ્લાદેશ સામે પ્રથમ ટેસ્ટ 19 સપ્ટેમ્બરથી ચેન્નાઈમાં રમાશે. દક્ષિણ આફ્રિકામાં યોજાનાર 2027 વન-ડે વર્લ્ડકપના અંત સુધી તેની નિમણૂક કરવામાં આવી છે.

નવા મુખ્ય કોચ ગંભીરની પહેલી પસંદ મોર્કેલ હતો. બંનેએ આઈપીએલની ટીમ લખનૌ સુપર જાયન્ટ્સમાં સાથે કામ કર્યું છે.

મોર્કેલે દક્ષિણ આફ્રિકા માટે 86 ટેસ્ટ, 117 વન-ડે અને 44 ટી-20 આંતરરાષ્ટ્રીય મેચ રમી છે જેમાં તેણે કુલ 544 વિકેટ લીધી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, લક્ષ્મીપતિ બાલાજી અને આર વિનય કુમાર જેવા વિકલ્પોની જગ્યાએ ગંભીરની ભલામણ પર મોર્કેલની સીધી નિમણૂક કરવામાં આવી છે.

### મોર્કેલને ભારતની પરિસ્થિતિની સારી સમજ છે

ડેલ સ્ટેન સાથે ઘાતક ફાસ્ટ બોલિંગ જોડી બનાવનાર મોર્કેલ ભારતમાં પણ ઘણું ક્રિકેટ રમી ચૂક્યો છે અને તેને અહીંની પરિસ્થિતિઓની સારી જાણકારી છે. ઉપરાંત, આઈપીએલ ટીમોનો ભાગ હોવાને કારણે, તેને ભારતની આગામી ઝડપી બોલિંગ પેઢી વિશે પણ સારી જાણકારી છે.

### ટીમમાં બદલાઈ રહેલી પરીસ્થિતિ મોર્કેલ માટે મોટો પડકાર

મોર્કેલ માટે સૌથી મોટો પડકાર બદલાવના તબક્કાનો સામનો કરવાનો રહેશે કારણ કે મોહમ્મદ શમી તેની શાનદાર કારકિર્દીના અંતિમ તબક્કામાં પ્રવેશી રહ્યો છે અને જસપ્રિત બુમરાહને મોહમ્મદ સિરાજ સિવાય બીજા સારા ભાગીદારની જરૂર છે, ખાસ કરીને લાલ-બોલ ક્રિકેટમાં.

# હોકી ઈન્ડિયાએ શ્રીજેશની 16 નંબરની જર્સી નિવૃત્ત કરી

**દેશને સતત બીજો ઓલિમ્પિક્સ મેડલ અપાવ્યા બાદ શ્રીજેશે રિટાયરમેન્ટની જાહેરાત કરી હતી**

**એક આંતરરાષ્ટ્રીય ખેલાડી તરીકે મેં મારા સમયની દરેક મિનિટનો આનંદ માણ્યો છે: શ્રીજેશ**



નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ): હોકી ઈન્ડિયાએ બુધવારે દિગ્ગજ ગોલકીપર પી આર શ્રીજેશની જર્સી નંબરને નિવૃત્ત કરવાનો નિર્ણય લીધો હતો જ્યારે તેણે હાલમાં જ સમાપ્ત થયેલી પેરિસ ગેમ્સમાં દેશના સતત બીજા ઓલિમ્પિક બ્રોન્ઝ મેળવવામાં મહત્વની ભૂમિકા બાદ રમતને અલવિદા કરી હતી.

અનુભવી ખેલાડી અને ટીમના અન્ય સભ્યો માટે યોજાયેલા એક સન્માન સમારોહમાં હોકી ઈન્ડિયાના સેક્રેટરી જનરલ ભોલાનાથ સિંહે જણાવ્યું હતું કે આગળ જતાં ટીમના કોઈ પણ સીનિયર ખેલાડીને 16 નંબરની જર્સી આપવામાં આવશે નહીં, જો કે તે જુનિયર સ્તરે ચલણમાં રહેશે.

રમતમાં પીઢ ખેલાડીના યોગદાનની પ્રશંસા કરતી વખતે, હોકી ઈન્ડિયાના અધ્યક્ષ દિલીપ તિર્કીએ કહ્યું કે શ્રીજેશને 'આધુનિક ભારતીય હોકીના ભગવાન' તરીકે ગણવામાં આવે છે.

આ સમારોહમાં પિસ્તોલ શૂટર મનુ ભાકર પણ હતી જે સ્વતંત્રતા બાદ પ્રથમ ભારતીય એથ્લીટ છે જેણે એક ઓલિમ્પિક્સમાં બે મેડલ જીત્યા હોય. 'હોકી ઈન્ડિયા તરફથી આ સન્માન માટે હું કેટલો આભારી અને સન્માનિત અનુભવું છું તે શબ્દોમાં કહેવું મુશ્કેલ છે', એમ શ્રીજેશે કહ્યું.

'અઢાર વર્ષ એક લાંબી સફર છે. એક આંતરરાષ્ટ્રીય ખેલાડી તરીકે મેં મારા સમયની દરેક મિનિટનો આનંદ માણ્યો છે, અને મારા સાથી ખેલાડીઓને ખૂબ જ યાદ કરીશ, જેઓ મારા માટે બીજો પરિવાર બની ગયા છે', એમ તેણે ઉમેર્યું.

### શ્રીજેશ જૂનિયર હોકીનો કોચ બનશે

સેક્રેટરી જનરલ ભોલાનાથ સિંહે સાથે જ ઔપચારિક રીતે જાહેરાત કરી હતી કે લગભગ બે દાયકાઓ સુધી ભારતીય હોકીમાં ભાગ લેનાર 36 વર્ષીય પી આર શ્રીજેશ જુનિયર રાષ્ટ્રીય કોચની ભૂમિકા નિભાવશે. 'શ્રીજેશ હવે જુનિયર ટીમનો કોચ બનવા જઈ રહ્યો છે અને અમે સિનિયર ટીમ માટે 16 નંબરની જર્સી નિવૃત્ત કરી રહ્યા છીએ. અમે જુનિયર ટીમ માટે 16 નંબરની જર્સીને નિવૃત્ત કરી રહ્યા નથી', એમ સિંહે જણાવ્યું હતું. 'જુનિયર ટીમમાં શ્રીજેશ બીજો શ્રીજેશ બનાવશે' એમ તેમણે ઉમેર્યું.

# એશિયન ગેમ્સમાં મેડલ વિજેતાએ પાકિસ્તાન સરકાર પર વચન મુજબ રૂ. 50 લાખ ન આપવાનો આરોપ લગાવ્યો

**સરકારે નદીમ માટે મોટી રકમની જાહેરાત કરી છે પણ કોને ખબર તેને તેમાંથી કેટલી રકમ મળે છે: યાસિર સુલતાન**



લાહોર, તા. 14 (પીટીઆઈ): એશિયન ગેમ્સ 2023માં જેવલિન થ્રો ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીતનાર યાસિર સુલતાને બુધવારે આરોપ લગાવ્યો હતો કે પાકિસ્તાનના વડાપ્રધાન શહેબાઝ શરીફે ગયા વર્ષે તેમને દેશ માટે મેડલ જીતવા માટે 50 લાખ રૂપિયા આપવાનું વચન આપ્યું હતું પરંતુ તેમને હજુ સુધી કોઈ પૈસા મળ્યા નથી.

સરકારે પેરિસ ઓલિમ્પિક 2024ના ચેમ્પિયન અરશદ નદીમ માટે લગભગ 30 કરોડ રૂપિયાના રોકડ પુરસ્કારની જાહેરાત કર્યા પછી સુલતાનની પ્રતિક્રિયા આવી છે, નદીમે પેરિસમાં 7 ઓગસ્ટે ભાલા ફેંક સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. 1984 ઓલિમ્પિકમાં હોકીમાં દેશનું પ્રથમ ઓલિમ્પિક ગોલ્ડ મેડલ બાદ પાકિસ્તાનનો આ પહેલો ગોલ્ડ મેડલ હતો.

નદીમના ગોલ્ડ મેડલ વિશે બોલતા, સુલતાને રોકડ પુરસ્કારની જાહેરાત કરવામાં ઉતાવળ કરવામાં અને તેની ચૂકવણી ન કરવા બદલ સરકારની ટીકા કરી હતી. તેણે કહ્યું સરકારે નદીમ માટે મોટી રકમની જાહેરાત કરી છે પણ કોને ખબર તેને તેમાંથી કેટલી રકમ મળે છે.

# રાષ્ટ્રપતિ મુર્મુએ ભારતીય ઓલિમ્પિક્સ દળને કહ્યું: તમે બધા જ ગોલ્ડ મેડલ વિજેતા છો



**રાષ્ટ્રપતિ સાથે ઓલિમ્પિક્સ દળની મુલાકાત દરમિયાન શ્રીજેશ અને ભાકરે તેમની સાથે ચર્ચા કરી**

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ): રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં પેરિસ ઓલિમ્પિકમાં ભાગ લેનાર ખેલાડીઓનું સ્વાગત કર્યું હતું. આ દરમિયાન રાષ્ટ્રપતિએ કહ્યું કે પેરિસ ઓલિમ્પિકમાં તમારા શ્રેષ્ઠ પ્રદર્શન માટે હું તમને અભિનંદન આપું છું. મારા માટે તમે બધા ગોલ્ડ મેડલ વિજેતા છો, અમને બધાને તમારા પર ગર્વ છે.

મુર્મુએ કહ્યું હતું તમે બધા દેશના તમામ યુવાઓ માટે પ્રેરણાના સ્ત્રોત છો ખાસ કરીને યુવા ખેલાડીઓ માટે.

ભારતીય હોકી ટીમના ગોલકીપર પી આર શ્રીજેશ અને શૂટર મનુ ભાકરને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે ચર્ચા કરવાની તક મળી હતી. આ દરમિયાન પી આર શ્રીજેશે પેરિસ ઓલિમ્પિકમાં ભારતીય હોકી ટીમની સફરને યાદ કરી. બ્રોન્ઝ મેડલ જીતનાર મનુ ભાકરે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને કહ્યું કે ટોક્યો ઓલિમ્પિકથી અહીં સુધીની સફર સરળ રહી નથી. પણ અમારી ટીમે મહેનત કરી. તેણે કહ્યું કે પી ટી ઉષા મેડમના કારણે જ હું આજે મેડલ જીતવામાં સફળ રહી છું.

# ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ શ્રેણી વિજયની હેટ્રીક લગાવી શકે છે: રવિ શાસ્ત્રી

**જો ભારતીય બેટ્સમેન સારું પ્રદર્શન કરશે તો બુમરાહ અને શમી મેચ જીતાડી શકે**

દુબઈ, તા. 14 (પીટીઆઈ): ભૂતપૂર્વ મુખ્ય કોચ રવિ શાસ્ત્રીનું માનવું છે કે શાનદાર બોલિંગની ગુણવત્તા અને રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવી મજબૂત બેટિંગ લાઈન અપને જોતાં ભારત ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ શ્રેણી જીતવાની હેટ્રિક ફટકારવામાં સક્ષમ છે.

ઓસ્ટ્રેલિયામાં છેલ્લી બે ટેસ્ટ શ્રેણી જીતીને ભારતે પ્રતિષ્ઠિત બોર્ડર-ગાવસ્કર ટ્રોફી જાળવી રાખી હતી જ્યારે ઓસ્ટ્રેલિયાએ 2015ની શરૂઆતમાં હોમ સિરીઝ 2-0થી જીતી હતી. 'જસપ્રીત બુમરાહ ફિટ છે, મોહમ્મદ શમી ફિટ છે, તમારી પાસે મોહમ્મદ સિરાજ પણ છે. તમારી પાસે રવિચંદ્રન અશ્વિન અને રવિન્દ્ર જાડેજા જેવા ખેલાડી અને અમુક સારી 'બેંચ સ્ટ્રેન્થ' પણ છે. લોકો આ શ્રેણી શરૂ થવાની રાહ જોઈ રહ્યા છે અને મને લાગે છે કે ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયામાં શ્રેણી વિજયની હેટ્રીક લગાવી શકે છે.'

## તેજલ, રાઘવીની અડધી સદી એળે ગઈ, ઓસ્ટ્રેલિયા-એનો પ્રથમ વન-ડેમાં 4 વિકેટથી વિજય

મૈકોય (ઓસ્ટ્રેલિયા), તા. 14 (પીટીઆઈ): મધ્યમ ક્રમના બેટ્સમેન રાઘવી બિષ્ટ અને તેજલ હસાબનીસની અડધી સદી છતાં, ભારત-A મહિલા ક્રિકેટ ટીમને બુધવારે અહીં પ્રથમ વન-ડેમાં ઓસ્ટ્રેલિયા-A સામે ચાર વિકેટથી હારનો સામનો કરવો પડ્યો હતો. ભારત-Aના 250 રનના લક્ષ્યાંકનો પીછો કરતા ઓસ્ટ્રેલિયા-Aએ કેટી મેકની (129 રન) સદી અને કેપ્ટન તાહિલા મેકગ્રાની (56 રન) અડધી સદીની મદદથી 47 ઓવરમાં છ વિકેટે 250 રન બનાવી જીત મેળવી હતી. આ પહેલાં ભારતીય ટીમે રાઘવીની 82 રનની અને તેજલની 53 રનની ઈનિંગની મદદથી 9 વિકેટ પર 249 રનનો સન્માનજનક સ્કોર બનાવ્યો હતો. ભારત માટે ફાસ્ટ બોલર મેઘના સિંહે (2 વિકેટ) અને સ્પિનર મીનુ મણિએ (2 વિકેટ) સારી બોલિંગ કરી હતી. ઓસ્ટ્રેલિયાના પ્રવાસે ભારત-એની આ સતત ચોથી હાર છે. આ પહેલા ટીમને બ્રિસબેનમાં ટી-20 શ્રેણીમાં 0-3થી ક્લીન સ્વીપનો સામનો કરવો પડ્યો હતો.

## પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ બાંગ્લાદેશ સામેની ટેસ્ટનું આયોજન ખાલી સ્ટેડિયમમાં કરશે

ઈસ્લામાબાદ, તા. 14 (એપી): કોવિડ-19ના દિવસોની યાદ અપાવતા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે (પીસીબી) નેશનલ બેંક સ્ટેડિયમમાં બાંગ્લાદેશ વિરૂદ્ધ બીજી ટેસ્ટનું આયોજન ખાલી સ્ટેડિયમમાં કરવાનો નિર્ણય લીધો છે. પીસીબીએ કહ્યું કે આવતા વર્ષની શરૂઆતમાં આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની તૈયારી માટે સ્ટેડિયમમાં ચાલી રહેલા નિર્માણ કાર્યને કારણે આ મુશ્કેલ નિર્ણય લેવામાં આવ્યો છે. બોર્ડે એક નિવેદનમાં કહ્યું, 'અમે સમજીએ છીએ કે અમારા ઉત્સાહી દર્શકો ક્રિકેટમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે જે અમારા ખેલાડીઓને પ્રેરણા આપે છે. જો કે, અમારા ચાહકોનું સ્વાસ્થ્ય અને સલામતી અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે.' 'તમામ ઉપલબ્ધ વિકલ્પો પર કાળજીપૂર્વક વિચાર કર્યા પછી, અમે નક્કી કર્યું છે કે ખાલી સ્ટેડિયમમાં બીજી ટેસ્ટનું આયોજન કરવું એ સૌથી સુરક્ષિત અભિગમ છે', એમ નિવેદનમાં કહેવાયું હતું. બોર્ડે જણાવ્યું હતું કે આ નિર્ણય લીધા બાદ 30 ઓગસ્ટથી શરૂ થનારી બીજી ટેસ્ટ માટે ટિકીટના વેચાણને તાત્કાલિક બંધ કરવામાં આવ્યું હતું. જેમણે પહેલાંથી ટિકીટ ખરીદી લીધી હોય તેમને તેમના પૈસા પરત કરવામાં આવશે.

## સુડોકુ - ૫૦૯૭ - 'ક્લુ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૬ | ૩ | ૫ | ૮ |
| ૫ | ૪ | | ૭ | ૮ | | ૯ | ૬ | |
| | | | | ૩ | | ૨ | ૪ | |
| | ૫ | | ૩ | ૯ | ૮ | | ૭ | ૬ |
| | ૯ | ૭ | | ૪ | ૧ | ૮ | | ૫ |
| ૪ | ૮ | ૬ | ૨ | | | ૧ | ૩ | ૯ |
| ૧ | | ૫ | | | ૩ | | | |
| | | ૪ | | | ૭ | ૬ | ૧ | |
| ૭ | | | | ૬ | | | | ૩ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## આજનું પંચાંગ

**તા. 15/08/2024, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2080 **શાકે :** 1946
**વીર સંવત :** 2550 **માસ :** શ્રાવણ
**તિથિ:** સુદ : દસમ : 10.27 પછી અગિયારસ
**અયન :** ઉત્તરાયણ **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** શ્રાવણ 24
**નક્ષત્ર :** જયેષ્ઠા: 12.53 સુધી જન્મેલાની જયેષ્ઠાની અને તે પછી જન્મેલાની મૂળની શાંતિ કરાવવી
**યોગ:** વૈધૃતિ, **કરણ:** વણિજ
**રાશિ :** વૃશ્ચિક (ન.ય.) 12.53 પછી ધન (ભ,ધ,ફ,ઢ) **દિવસ :** અશુભ, બૃહસ્પતિ પૂજન-જુલનયાત્રા પ્રારંભ, ભારતીય સ્વતંત્રતા દિવસ, - પારસી નૂતન વર્ષારંભ
**સુરતમાં સૂર્યોદય :** 06:19 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:08
**નવકારસી :** 07:07
**પારસી વર્ષ :** 1394, ફરવરદિન માસનો પ્રથમ રોજ
**મુસલમાન વર્ષ :** 1446, સફર માસનો 10મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ,
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
**રાહુ કાળ :** બપોરે : 13:30 થી 15:00 સુધી

## આપની આજ

**જયોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ.લ.ઇ.):** પરિવારમાં તાલમેળ રહેવાથી મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવાય. નવા બૌદ્ધિ સંપર્કો થાય.

**વૃષભ (બ.વ.ઉ.):** ભાગીદારોની મિટીંગમાં મહત્ત્વના નિર્ણય લેવાય. આવકમાં વધારો થાય.

**મિથુન (ક.છ.ઘ.):** સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લેવાનું બને. નોકરીમાં સહકાર મળે. આરોગ્યનું ધ્યાન રાખવું.

**કર્ક (ડ.હ.):** સંતાનોનાં કામમાં મદદ મળે. શેર બજારનાં કામ થાય. પ્રેમમાં ગેરસમજ થાય.

**સિંહ (મ.ટ.):** આનંદજનક સમાચાર મળે. વારસાના કામમાં પ્રગતિ થાય. બહારનાં કામ પાર પડે.

**કન્યા (પ.ઠ.ણ.):** મિત્રો વગેરેનો સાથ ધંધા વ્યવસાયમાં મળે. આવક માટેના નવા રસ્તા મળે.

**તુલા (ર.ત.):** ખાણી-પીણીના વ્યવસાય-ધંધામાં લાભ થાય. નોકરી માટે નવી તક મળે.

**વૃશ્ચિક (ન.ય.):** મન અશાંત રહે. વધુ પડતો આત્મવિશ્વાસ ભૂલ કરાવે. ધીરજ રાખવી.

**ધન (ભ.ધ.ફ.ઢ.):** પ્રવાસમાં ધ્યાન રાખવું. જૂના મિત્રોની મુલાકાત થાય. શુભ સમાચાર મળે.

**મકર (ખ.જ.):** નોકરીમાં નવી જવાબદારી આવે. મિત્રોની મદદ સંતાનોનાં કામમાં મળે. આવક વધે.

**કુંભ (ગ.સ.શ.ષ.):** માન અપમાનની ભાવના પર કાબૂ રાખવો. અચાનક નવી તકથી લાભ થાય.

**મીન (દ.ચ.ઝ.થ.):** ઉઘરાણી આવે. મોજશોખનાં સાધનો વધારી શકાય. શુભ સમાચાર મળે.

## કોઇ પણ સાલમાં 15 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નવી નોકરીના પ્રયત્નો પાર પડે. નવા ધંધા-વ્યવસાયમાં મિત્રો વગેરેની મદદ મળે. નવી ટેક્નોલોજીનો લાભ મળે. સમાજમાં યશ મળે. સમાજ અને પરિવારની જવાબદારી નિભાવવી પડે. સરકારી નોકરિયાતને પ્રમોશન લાભ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉંમરલાયકના વિવાહ થાય. આર્થિક બાબતે ચડતી પડતી રહે. નવા રોકાણમાં ધીરજ રાખવી. વિશ્વાસઘાત થઈ શકે માટે કોઈની વાતોમાં આવવું નહીં. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને માર્ગદર્શનથી લાભ થાય. નવા ઘર, વાહન, મકાન બાબતે વર્ષની શરૂઆત અનુકૂળ રહેશે. વારસા, જાયદાદ, જમીનનાં કામમાં વિઘ્નો આવે. ધર્મ-કર્મ-યાત્રા-પ્રવાસથી શાંતિ મળે. એપ્રિલ-મે તથા સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં ભાગ્યનો સાથ મળે. જુલાઈ-ઓગસ્ટમાં ખર્ચા વધશે.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

**ક્ષય**

અરડૂસીના પાન મળે તેમ હોય તો દશ પાન, ધોઈ વાટી તેનો રસ કાઢવો. તેમાં એક ચપટી - ચણાની દાળ જેટલું શતપૂતી અભરક ભસ્મ અને બે ચમચી મધ ઉમેરી દિવસમાં ત્રણ વખત પીવું.

## અનુસંધાન ... પાના પહેલાનું

### ભારતીય ઓલિમ્પિક...

જીવનના વિવિધ ક્ષેત્રોના જે લોકોએ વિવિધ સરકારી યોજનાઓ/પહેલની મદદથી વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે એમને સામેલ કરાશે. અટલ ઈનોવેશન મિશન અને પીએમ શ્રી (પ્રાઈમ મિનિસ્ટર્સ સ્કૂલ્સ ફોર રાઈઝિંગ ઈન્ડિયા) યોજનાનો લાભ મેળવનારા વિદ્યાર્થીઓ અને 'મેરી માટી મેરા દેશ' હેઠળ મેરા યુવા ભારત (માય ભારત) અને રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો આ કાર્યક્રમમાં ભાગ લેશે. આમંત્રિત મહેમાનોમાં આદિવાસી કારીગરો, 'વન ધન વિકાસ' ના સભ્યો અને રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ નાણાં અને વિકાસ નિગમ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતા આદિવાસી ઉદ્યોગસાહસિકો અને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ, પ્રધાનમંત્રી પાક વીમા યોજનાના લાભાર્થીઓ અને ખેડૂત ઉત્પાદક સંગઠનોના પ્રતિનિધિઓનો પણ સમાવેશ થાય છે.

### વડાપ્રધાન મોદીનું...

છે કે બાંગ્લાદેશમાં કટોકટી, ખાસ કરીને લઘુમતી હિંદુઓને નિશાન બનાવવાનો ઉલ્લેખ તેમના ભાષણમાં મળી શકે છે, કારણ કે હિંદુત્વ જૂથોએ આ મુદ્દાને ભારપૂર્વક ઉઠાવ્યો છે અને શેરીઓમાં ઉતર્યા છે.

### સુપ્રીમ કોર્ટે...

એ. ડી. એ. (ખનિજ ક્ષેત્ર વિકાસ સત્તામંડળ) (25 જુલાઈના ચુકાદા)માં નિર્ણયમાં નિર્ધારિત કાયદાના સંદર્ભમાં સાતમી અનુસૂચિની સૂચિ IIની એન્ટ્રી 49 અને 50ને લગતી જો કોઈ હોય તો કરવેરાની માંગણીઓ વસૂલ કરી શકે છે અથવા તેનું નવીકરણ કરી શકે છે, પરંતુ કરવેરાની માંગ 1 એપ્રિલ, 2005 પહેલાં કરવામાં આવેલા વ્યવહારો પર લાગુ થશે નહીં". તેમાં કહેવામાં આવ્યું છે કે રાજ્યો દ્વારા કરવેરાની માગની ચુકવણી માટેનો સમય 1 એપ્રિલ, 2026થી શરૂ થતા 12 વર્ષના સમયગાળામાં હપ્તામાં વિભાજિત કરવામાં આવશે. ખંડપીઠે કહ્યું કે ભૂતકાળમાંથી ઉદ્ભવતા પરિણામોને ધ્યાનમાં રાખીને તેણે શરતો લાગુ કરી છે અને નિર્દેશ આપ્યો છે કે 25 જુલાઈ, 2024 પહેલાંના સમયગાળા માટે કરવામાં આવેલી માગણીઓ પર વ્યાજ અને દંડની વસૂલાત તમામ કરદાતાઓ માટે માફ કરવામાં આવશે. મધ્ય પ્રદેશ અને રાજસ્થાન જેવા કેટલાક રાજ્યો 25 જુલાઈના ચુકાદાને ધ્યાનમાં રાખીને ઉપાર્જિત બાકી રકમ વસૂલવા માંગતા નથી તેવી કેન્દ્રની રજૂઆત પર ખંડપીઠે કહ્યું કે 25 જુલાઈ, 2024 પહેલાના સમયગાળા માટે બાકી રકમ છોડવી કે નહીં તે નક્કી કરવું એ રાજ્ય વિધાનસભાઓનો વિશેષાધિકાર છે.

### અયોધ્યા: રામ પથ...

ભક્તિ પથ પર 96 પ્રોજેક્ટર લાઈટો લગાવવામાં આવી હતી. 19 માર્ચ સુધી તમામ લાઈટો ત્યાં જ હતી પરંતુ 9 મેના રોજ તપાસ કર્યા બાદ જાણવા મળ્યું કે કેટલીક લાઈટો ગાયબ હતી. પેઢીના પ્રતિનિધિ શેખર શર્માએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, "અત્યાર સુધીમાં કેટલાક અજાણ્યા ચોરો દ્વારા લગભગ 3,800 વાંસની લાઈટો અને 36 પ્રોજેક્ટર લાઈટોની ચોરી કરવામાં આવી છે. એફ. આઈ. આર. અનુસાર પેઢીને મે મહિનામાં ચોરીની જાણ થઈ હતી પરંતુ તેણે 9 ઓગસ્ટના રોજ જ ફરિયાદ દાખલ કરી હતી. આ વર્ષે 22 જાન્યુઆરીના રોજ રામ મંદિરના અભિષેક સમારોહ પહેલા એક મોટી યોજના હેઠળ અયોધ્યાનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું. અખિલેશ યાદવે આ નિર્લજ્જ ચોરીને લઈને સોશિયલ મીડિયા પર સરકારની ટીકા કરી હતી. ચોરોએ યુપી-અયોધ્યામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વિક્ષેપિત કરી છે. એટલા માટે જનતા પહેલેથી જ કહી રહી હતી કે થાંભલો વીજળી વગર ઊભો છે. ભાજપ સરકારનો અર્થ થાય છે 'અંધેર નગરી ", દરેક જગ્યાએ અંધારું. ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રીએ હિન્દીમાં X પર પોસ્ટ કર્યું, "આજની અયોધ્યા કહે છે કે તેને ભાજપ નથી જોઈતું.

### દિલ્હી ડાયરી...

છે. તે પણ ચોંકાવનારું છે કે ભારત સરકારમાં સંબંધિત અધિકારીઓએ તેમને ખાલી કરવાની નોટિસ આપી નથી, જે ઓછામાં ઓછું જાહેર ક્ષેત્રમાં નથી.

**કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય અને એનટીએના અધિકારીઓ મોડી રાત સુધી કામ કરતા હતા**

નીટ-યુજી પરિણામોના વિવાદમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય અને નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)ના અધિકારીઓને મંત્રાલયના મુખ્યમથક શાસ્ત્રી ભવનમાં આખી રાત કામ કરવા પર મજબૂર કરાયા હતા.

## શબ્દગુંફન - ૬૭૪૩

**અરવિંદ એસ. મારૂ**

**આડી ચાવી**

૧. ખોટા રસ્તે જનાર (૫)
૫. દીવો (૨)
૭. મજા, આનંદ (૩)
૯. સહેજ, થોડુંક (૩)
૧૧. નસ, વલણ (૨)
૧૨. નટનો ધંધો (૪)
૧૩. જંગલ પ્રદેશમાં વસતી આદિવાસી જાત (૫)
૧૫. ઘોડાને બાંધેલો પટો (૨)
૧૬. આંગળાંના છેડેનો ભાગ (૨)
૧૭. કમનસીબ (૪)
૨૦. સુંદર સ્ત્રી (૨)
૨૧. આકાશ (૨)
૨૨. વધારો ઘટાડો કરવાપણું (૪)
૨૪. કૃષ્ણ પક્ષનું અંધારિયું (૨)
૨૫. રંગ, વર્ણ (૨)
૨૭. એક કુળ વર્ગનો લોકસમૂહ (૨)
૨૮. દિવસ (૨)
૨૯. ઇશ્વરકૃપા (૪)
૩૧. તંદુરસ્ત (૨)
૩૨. ખેલ (૩)

**ઊભી ચાવી**

૨. મહેક, ખુશબો (૪)
૩. બટનનું નાકું (૨)
૪. યુદ્ધ, લડાઈ (૨)
૬. બંધનમાં પડેલું, કેદી (૪)
૭. ગાનતાન (૪)
૮. તલપવું તે (૪)
૯. લોકસમૂહ, પ્રજા (૩)
૧૦. લશ્કરી તાલીમ (૪)
૧૪. ચેન ન પડવું તે (૪)
૧૫. અછત, તાણ (૨)
૧૭. સમાન વતન છે જેનું તે (૫)
૧૮. રાંધેલા ચોખા (૨)
૧૯. આદર, સન્માન (૨)
૨૨. એક રાશિ (૨)
૨૩. ભીડ, દુનિયા (૩)
૨૫. વાંદરું, કપિ (૩)
૨૬. ફતેહ, વિજય (૨)
૨૯. વીતી ચૂકેલું (૨)
૩૦. બુદ્ધિ, અક્કલ (૨)